# કલેકટર અને જિલ્લા ચુંટણી અધિકારીશ્રીની કચેરી, ચુંટણી શાખા, જિલ્લા સેવા સદન, રૂમ નં-૧, ગ્રાઉન્ડ ફ્લોર, સુભાષબ્રીજ સર્કલ પાસે, અમદાવાદ

## માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ-૨૦૦૫ના અમલીકરણ બાબત.

માહિતી મેળવવાના અધિનિયમ-૨૦૦૫ની જોગવાઈઓ અનુસંધાને કલેકટર કચેરી ખાતે ચૂંટણી શાખા માટે એપલેટ ઓથોરેટી તરીકે અધિક જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, અમદાવાદ અને જાહેર માહિતી અધિકારી તરીકે મામલતદારશ્રી, (ચુંટણી) અમદાવાદની નિયુક્તિ થયેલ છે. સદર અધિનિયમની કલમ-૪(ખ)ના મુદ્દા નં-૧ થી ૧૭માં જણાવેલ વિગતોની માહિતી મુદ્દાવાર નીચે મુજબ છે.

| મુદ્દા નં | મુદ્દાની વિગત | અમલીકરણની વિગત |
|---|---|---|
| ૧ | વ્યવસ્થાતંત્રો, કાર્યો અને ફરજોની વિગતો | અત્રેની કચેરીની ચુંટણી શાખામાં નીચે મુજબ વ્યવસ્થા તંત્ર અમલમાં છે.<br>સંસદીય મતદાર વિભાગ અને વિધાનસભા મતદાર વિભાગની ચૂંટણી તેમજ મતદારયાદી તૈયાર કરવા માટે જિલ્લા કક્ષાએ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે કલેકટરશ્રીને નિયુકત કરવામાં આવેલ છે. તેમનાં તાબા નીચે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી અને મામલતદાર(ચૂંટણી) ઉપરાંત ચૂંટણી શાખામાં નાયબ મામલતદાર અને કલાર્ક ફરજ બજાવે છે.<br>જેમાં મુખ્યત્વે સંસદીય / વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીઓ તૈયાર કરવી, મતદારોને ફોટો ઓળખપત્રો આપવા ઉપરાંત સંસદીય / વિધાનસભા મતદાર વિભાગની ચૂંટણીની કામગીરીનો સમાવેશ થાય છે.<br>ઉપરાંત નીચે મુદા નં.૨ માં જણાવેલ વિગતે કામગીરી / ફરજો બજાવવામાં આવે છે. |
| ૨ | વિભાગ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો | (i) લોકસભા તેમજ વિધાનસભાની ચૂંટણી માટે નિયત કાયદા અને નિયમો હેઠળ ક્ષતિરહીત મતદારયાદી તૈયાર કરવાની કામગીરી (ii) મતદાન મથકો નક્કી કરવાની કામગીરી ઉપરાંત (iii) (૧)મતદાતાઓને ફોટો-ઓળખ કાર્ડ આપવા (૨)ઓળખ કાર્ડને લગતા સુધારાઓ (૩)ડુપ્લિકેટ ફોટો આઇડી કાર્ડ્સ બનાવવા (૪)જાહેર જનતાની માગણી અન્વયે મતદાર યાદીની પ્રમાણિત નકલો આપવી (૫)ચૂંટણી સંબંધિત રેકર્ડની જાળવણી (૬)મતપેટીઓ, વિજાણું મતદાન યંત્રો, લોખંડની પેટીઓ અને મતદાર યાદીના અગાઉના રેકર્ડની જાળવણી માટેની જવાબદારી (૭)ચૂંટણી સંબંધિત સ્ટેશનરી છપાવવી અને જાળવવી (૮)વિધાનસભા ચૂંટણીનું અસરકારક અને સુચારૂ સંચાલન (૯)ઉમેદવારોના ઉમેદવારીપત્રો સ્વીકારવા અને ચકાસણી કરવી (૧૦)હરિફ ઉમેદવારોને ચૂંટણી પ્રતીકો ફાળવવા (૧૧)ચૂંટણી સંબંધિત નોટિસ પ્રસિધ્ધ કરવી (૧૨)હરીફ ઉમેદવારોની યાદી તૈયાર કરવી (૧૩)મતપત્રો છપાવવા અને સેવા મતદારોને ટપાલ મતપત્રો મોકલવા (૧૪)ચુંટણી સામગ્રી સાથે મતદાન અધિકારીઓને મતદાન મથક પર મોકલવા (૧૫)મતદાનના દિવસે મતવિસ્તારમાં મતદાન પ્રક્રિયાની દેખરેખ અને (૧૬)ભારતના ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી અધિકારીને જરૂરી અહેવાલ મોકલવા (૧૭)ચૂંટણી દરમિયાન વૈધાનિક જોગવાઈઓ મુજબ મુક્ત અને ન્યાયી રીતે ચુંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની સંપુર્ણ જવાબદારી. |
| ૩ | નિર્ણય લેવાની ક્રિયાઓ અનુસરવાની પધ્ધતિ | ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા વખતોવખત આપવામાં આવતી સુચના મુજબ તબકકાવાર મતદારયાદીઓ તૈયાર કરવાની અને સંસદીય/વિધાનસભા ચૂંટણીની કામગીરી કરવામાં આવે છે. |
| ૪ | કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો | ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા વખતોવખત આપવામાં આવતી સુચના મુજબ તબકકાવાર મતદારયાદીઓ તૈયાર કરવાની અને સંસદીય/વિધાનસભા ચૂંટણીની કામગીરી કરવામાં આવે છે. |
| ૫ | કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનો, નિયમસંગ્રહો અને દફતરો | અત્રેની ચુંટણી શાખામાં થતી વિવિધ કામગીરીના નિયમો, વિનિયમો, સુચનો, નિયમસંગ્રહો વિગેરે નીચે મુજબ છે.<br>(૧) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૦ (૨) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧<br>(૩) મતદાર નોંધણી નિયમો-૧૯૬૦ (૪) ચુંટણી સંચાલન નિયમો- ૧૯૬૧<br>(૫) સીમાંકન અધિનિયમ-૨૦૦૨ |
| ૬ | વિભાગના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ | સંસદીય મ.વિ.માં સમાવિષ્ટ વિ.સ.મ.વિ.ના ચૂંટણી અધિકારીશ્રી તરીકે નાયબ કલેકટર કક્ષાના અધિકારીશ્રીઓ ફરજ બજાવે છે જેઓ વિ.સમ.વિ.નાં ચૂંટણી અધિકારીશ્રી તરીકે પણ ફરજ બજાવે છે. તે જ રીતે વિ.સમ.વિ.નાં મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી તરીકે મામલતદાર કક્ષાના અધિકારીશ્રીઓ ફરજ બજાવે છે. જેઓ વિ.સમ.વિ.નાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તરીકે પણ ફરજ બજાવે છે. ઉપરાંત મતદારયાદીની કામગીરી માટે મતદાર નોંધણી અધિકારીશ્રીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીઓ, બી.એલ.ઓ. ફરજ બજાવે છે. |

| | | |
|---|---|---|
| ૭ | નીતિ ઘડતર અથવા તેના અમલ સંબંધી જનતા સભ્યો સાથે સલાહ પરામર્શ માટે અથવા તેમના પ્રતિનિધિત્વ માટે કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગતો | મુદ્દા નં.૪ મુજબ |
| ૮ | વિભાગના નિયંત્રણ હેઠળ બોર્ડ, પરિષદ અને સમિતિઓની વિગતો | અત્રેની ચુંટણી શાખાને સદરહું બાબત લાગુ પડતી નથી. |
| ૯ | અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા | અત્રેની ચુંટણી શાખાના અધિકારીશ્રી/કર્મચારીશ્રીના નામની વિગતો.<br>(૧) શ્રી સી.એ.ગાંધી- અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી<br>(૨) શ્રી એમ.પી.પંડ્યા- અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી-(૨) (નવી ઉભી થયેલ જગ્યાએ)<br>(૩) શ્રી એ.જી.પટેલ- મામલતદારશ્રી(મતદારયાદી)<br>(૪) વિવેક બી.દરજી- મામલતદારશ્રી (ચૂંટણી)<br>(૫) સુશ્રી રૂપ પટેલ- મામલતદારશ્રી<br>(૬) પાર્થિવ એ. ભાટી- મામલતદારશ્રી<br>(૭) પ્રણવ વી. પટેલ- મામલતદારશ્રી<br>(૮) શ્રી એન.એસ.ભાવસાર- નાયબ મામલતદાર<br>(૯) શ્રી જી.બી,પટણી- નાયબ મામલતદાર<br>(૧૦) શ્રી એસ.એલ.ડામોર- ક્લાર્ક<br>(૧૧) શ્રી જે.કે.રાણા- ક્લાર્ક<br>(૧૨) શ્રી કે.એ.મોદી- ક્લાર્ક<br>(૧૩) શ્રી એન.આર.મેણાત-ક્લાર્ક<br>(૧૪) શ્રી આર.જે.દાંતણીયા- પટાવાળા |
| ૧૦ | વિનિમયોમાં જોગવાઈઓ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક મહેનતાણું | રાજ્ય સરકારશ્રી તરફથી વર્ગવાર નિયત કરેલ પગાર ધોરણ મુજબ દરેક વર્ગના અધિકારીશ્રી,કર્મચારીશ્રીઓને તેમની નોકરીને ધ્યાને લઈ નિયમ મુજબ માસિક પગાર/ મળતર ચુકવવામાં આવે છે. |
| ૧૧ | પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર | અત્રેની ચુંટણી શાખા ને સદરહું બાબત લાગુ પડતી નથી. |
| ૧૨ | સહાયકી કાર્યક્રમોના અમલ અંગે પધ્ધતિ | અત્રેની ચુંટણી શાખા ને સદરહું બાબત લાગુ પડતી નથી. |
| ૧૩ | રાહતો, પરમિટ કે અધિકૃત અંગેની માહિતી | અત્રેની ચુંટણી શાખા ને સદરહું બાબત લાગુ પડતી નથી. |
| ૧૪ | વીજાણરૂપે ઉપલબ્ધ માહિતી | વિજાણરૂપે અત્રેની શાખાની દરેક કામગીરીની માહિતી www.ahmedabad.gujarat.gov.in અને www.ceo.gov.in ઉપર ઉપલબ્ધ છે. |
| ૧૫ | માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સવલતોની વિગતો | અત્રેની શાખાથી દરેક કામગીરીની માહિતી www.ahmedabad.gujarat.gov.in અને www.ceo.gov.in ઉપર ઉપલબ્ધ છે તથા વધુ માહિતી માટે ચુંટણી શાખા દ્વારા માહિતી ઉપલબ્ધ કરવામાં આવે છે. |
| ૧૬ | જાહેર માહિતી અધિકારીશ્રીઓના નામ, હોદ્દા અને બીજી વિગતો | વિવેક બી. દરજી મામલતદાર(ચૂંટણી) અને જાહેર માહિતી અધિકારીશ્રી, અમદાવાદ. ટે.નં ૦૭૯-૨૭૫૫૨૨૬૫, EX-૧૧૨ |
| ૧૭ | અન્ય ઉપયોગી માહિતી | |

**તા: ૦૧/૦૧/૨૦૧૯**

**સ્થળ: અમદાવાદ**

**જાહેર માહિતી અધિકારી અને**
**મામલતદાર (ચુંટણી) અમદાવાદ**

---

નં.ઈએલસી/આર.ટી.આઈ/પી.એ.ડી/૨૦૧૯
કલેકટર અને જિલ્લા ચુંટણી અધિકારીની કચેરી
સુભાષબ્રીજ સર્કલ પાસે,અમદાવાદ
તારીખ:૦૧/૦૧/૨૦૧૯

પ્રતિ
શ્રી કલેકટર સાહેબ,
પી.આર.ઓ. શાખા, અમદાવાદ તરફ ઉપર મુજબ માહિતી સાદર કરેલ છે.

E:\jitendra 2018\pro active descloser.docx